ચક્રવાત દિત્વા પછી શ્રીલંકાને કટોકટી HADR સહાય માટે ભારતે ઓપરેશન સાગર બંધુ શરૂ કર્યું

01 ડિસેમ્બર, 2025

શ્રીલંકામાં ગંભીર પૂર, જાનહાનિ અને વ્યાપક વિક્ષેપનું કારણ બનેલા ચક્રવાત દિત્વાને પગલે, ભારતે આપણા નજીકના દરિયાઈ પાડોશીને તાત્કાલિક શોધ અને બચાવ તેમજ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) સહાય પૂરી પાડવા માટે 28 નવેમ્બર 2025 ના રોજ ઓપરેશન સાગર બંધુ શરૂ કર્યું.

2. "શ્રીલંકન અધિકારીઓ સાથે સંકલનમાં, ભારત સરકાર દ્વારા તરત જ બે ભારતીય નૌસેનાના જહાજો દ્વારા કોલંબોમાં 9.5 ટન તાત્કાલિક રાશન મોકલ્યું છે; ત્રણ ભારતીય વાયુસેનાનાં (IAF)નાં વિમાન તૈનાત કરવામાં આવ્યાં છે, જેના દ્વારા અન્ય 31.5 ટન રાહત સામગ્રી, જેમાં તંબુ, તાડપત્રી, ધાબળા, સ્વચ્છતા કીટ કિટ, તૈયાર ખાદ્ય પદાર્થો, દવાઓ અને સર્જિકલ સાધનોનો સમાવેશ થાય છે, બે ભિષ્મ ક્યુબ, 5 સભ્યોની મેડિકલ ટીમ ઑનસાઇટ તપાસ માટે મોકલવામાં આવી છે અને બચાવ કાર્યોમાં મદદ કરવા માટે 80 સભ્યોની વિશેષ શહેરી શોધ અને બચાવ (USAR) ટીમ મોકલવામાં આવી; અન્ય 12 ટન રાહત સામગ્રી ભારતીય નૌસેનાના જહાજ INS સુકન્યા પર મોકલી. કુલ 53 ટન રાહત સામગ્રી સોંપવામાં આવી છે.

3. શ્રીલંકન વાયુસેના સાથે સંકલન કરીને, INS વિક્રાંતના ચેતક હેલિકોપ્ટર અને ભારતીય વાયુસેનાના MI-17 હેલિકોપ્ટરોએ વ્યાપક બચાવ કામગીરી હાથ ધરી, ગર્ભવતી મહિલાઓ, શિશુઓ અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકો સહિત ફસાયેલા લોકોને એરલિફ્ટ કર્યા. બચાવવામાં આવેલ વ્યક્તિઓમાં શ્રીલંકા, ભારત, જર્મની, સ્લોવેનિયા, યુનાઇટેડ કિંગડમ, દક્ષિણ આફ્રિકા, પોલેન્ડ, બેલારુસ, ઈરાન, ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશના નાગરિકોનો સમાવેશ થાય છે. શ્રીલંકાના વિવિધ ગંભીર રીતે પ્રભાવિત અને અલગ વિસ્તારોમાં NDRF ટીમો દ્વારા શોધ અને બચાવ કામગીરી ચાલુ છે, જે પૂરગ્રસ્ત પરિવારોને મદદ કરે છે અને તેમની તાત્કાલિક સલામતી સુનિશ્ચિત કરે છે. આ સંયુક્ત કામગીરીમાં 150 થી વધુ લોકોને બચાવવામાં આવ્યા છે અને મદદ કરવામાં આવી છે, અને મદદ સતત ચાલુ છે.

4. ચક્રવાત દિત્વાના કારણે ફસાયેલા ભારતીય નાગરિકોને ભારતીય વાયુસેનાની ખાસ ફ્લાઇટ્સ તેમજ કૉમર્શિયલ ફ્લાઇટ દ્વારા પણ બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં 2000 થી વધુ ફસાયેલા ભારતીયોને પહેલાંથી જ પાછા લાવવામાં આવ્યા છે.

5. ભારતની પડોશી પ્રથમ નીતિ અને વિઝન મહાસાગરના માર્ગદર્શન હેઠળ, ભારત પ્રથમ પ્રતિસાદકર્તા બની રહ્યું છે, જે જરૂરિયાતના આ સમયમાં શ્રીલંકાની સરકાર અને લોકો સાથે

મજબૂતપણે ખભે-ખભા મિલાવીને ઊભું છે, અને ચાલુ બચાવ, રાહત અને વહેલી રિકવરીના પ્રયત્નોને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે.

નવી દિલ્લી

01 ડિસેમ્બર, 2025